પ્રકરણ:૪

‘કાલા જલ’- હિન્દી નવલકથામાં નારી છબીનો અભ્યાસ

પ્રકરણ:૪ 'કાલા જલ'- હિન્દી નવલકથામાં નારી છબીનો અભ્યાસ

ગુલશેરખાં 'શાની' કૃત ' કાલા જલ' હિન્દી નવલકથા છે. આ નવલકથા ઈ. સ. ૧૯૮૫માં પ્રથમ વાર પ્રકાશિત થઇ. નવલકથાના લેખક શાની એ તેમની અન્ય નવલકથાઓ, વાર્તા સંગ્રહો અને સંસ્મરણ લેખન ક્ષેત્રે પણ ખેડાણ કર્યું છે. શાનીની 'કાલા જલ' ઈ. સ. ૧૯૮૭માં દૂરદર્શન પર ધારાવાહી શ્રેણી રૂપે પણ રજૂ થઈ છે. સ્ત્રીઓનાં પ્રશ્નોને મુસ્લિમ સમાજના પરિવેશ અંતર્ગત રજૂ કરતી હિન્દી અને ભારતીય નવલકથાઓમાં મહત્વ ધરાવતી આ કૃતિના મુખ્ય તેમજ ગૌણ નારીપાત્રોની નારી છબીનો અભ્યાસ આ પ્રકરણમાં રજૂ થશે.

૪.૧ કથાવસ્તુ:

મધ્યપ્રદેશના જગદલપુર અને બસ્તર વિસ્તારમાં રહેતા બે મુસ્લિમ પરિવારોની ત્રણ પેઢી દ્વારા વીસમી સદીના પૂર્વાર્ધમાં સામાજિક, રાજકીય અને ધાર્મિક પરિપ્રેક્ષ્યો રજૂ કરાયા છે. કથક બબ્બનનો પરિવાર તથા મિર્ઝા કરામત બેગનો પરિવાર - આમ બે પરિવારના સભ્યો, પરિવારની સ્ત્રીઓના જીવન, એકધાર્યા જીવનની મર્યાદાઓ, સામાજિક રૂઢિઓ, અંધવિશ્વાસને રજૂ કરતી આ નવલકથા છે. ફાતિહા (શ્રાદ્ધ) ની વિધિમાં પૂર્વજોને ભોગ ધરાવવાની પ્રયુક્તિ દ્વારા નવલકથામાં પાત્રોની કથા કહેવાતી જાય છે.

મિર્ઝા કરામત બેગ બબ્બનની છોટી ફુફી (નાની ફોઈ) ના સસરા છે. તેમણે હિન્દૂ સ્ત્રી બિટ્ટી ભરવાડણ સાથે પહેલા લગ્ન કર્યા. મુસ્લિમ અગ્રણીઓના વિરોધથી બિલાસપુરવાળી સાથે બીજા લગ્ન કર્યા. બિટ્ટી અને કરામતબેગ પુત્ર રોશનબેન સાથે બબ્બનની ફોઈના લગ્ન થયા. બબ્બનના પરિવારમાં બબ્બન, તેના માતા-પિતા અને તેની બહેન સુફિયા છે. જયારે છોટી ફુફીના પરિવારમાં

ફૂફા રોશનબેગ, અને તેમના બાળકો મોહસીન, શમીમ, રૂબીના અને સાલીહા (સલ્લો) છે. સૌ પ્રથમ મિર્ઝા કરામતબેગ, બિટ્ટી ભરવાડણ અને બિલાસપુરવાળીની કથા કહેવાઈ છે. બિટ્ટી બિલાસપુરવાળીને સાસુની જેમ ત્રાસ આપી કામ કરાવડાવે છે. કરામતબેગના મૃત્યુ બાદ બિલાસપુરવાળી કાયમ માટે જતી રહે છે. બિટ્ટી રોશનબેગ નાનો હોવા છતાં કરામતબેગના મિત્ર રજ્જુમિયાં સાથે લગ્ન કરી ઘર માંડે છે. રજ્જુમિયાંની હવસનો પરચો છોટી ફુફીને મળ્યા વિના રહેતો નથી. રજ્જુમિયાં દીકરી સરખી માલતીને પણ ભોગવે છે. ત્યારબાદ રોશનબેગ અને છોટી ફુફીનું જીવન તેમજ મોહસિન અને સલ્લો આપા જેવા વિદ્રોહી પાત્રોની કથની કહેવાઈ છે. છેલ્લા ફાતિહા સલ્લો આપાના નામે પઢવામાં આવે છે. સલ્લોના અન્ય છોકરા સાથેના સંબંધ અને અંતે આશ્ચર્યજનક રીતે મૃત્યુથી બબ્બનને આઘાત લાગે છે. પારિવારિક સંબંધો સિવાય જાહિરાભાભી અને રશીદના પાત્ર દ્વારા સ્ત્રીની વિવિધરંગી છબી રજૂ કરવામાં આવી છે. મોહસીન અને નાયડુ જેવા પાત્રો દ્વારા તે સમયની રાજકીય હલચલને પણ દર્શાવવામાં આવી છે. બસ્તરનું એકધાર્યું, યંત્રવત જીવન, અંધશ્રદ્ધાઓ, માન્યતાઓ, વિકૃતિઓ, અનૈતિકતા - આ બધું જ 'કાલા જાલ' ના પ્રતીક દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું છું. જંગલ, વૃક્ષ, પહાડ, નદી, મેદાન, ફૂલ - વગેરે પ્રાકૃતિક તત્વો દ્વારા જુદા-જુદા ભાવો રજૂ કરવામાં આવ્યા છે. આ કથા ત્રણ ભાગમાં વહેંચાયેલી છેઃ 1) અલ-ફાતિહા-લૌટતી હુઈ લહેરે 2) ભટકાવ-દિશાએ ચુમતી સ્રોતસ્વીની 3) ઠહરાવ.

૪.૨ 'કાલા જલ' - હિન્દી નવલકથામાં મુખ્ય નારી છબીનો અભ્યાસઃ

'કાલા જલ' નવલકથામાં મુખ્ય નારી પાત્રો બિટ્ટી ભરવાડણ, બિલાસપુરવાળી, છોટી ફુફી અને સાલિહા - (સલ્લો આપા) છે, જેની નારી છબીનો અભ્યાસ કરવામાં આવશે. આ ઉપરાંત, બબ્બનની મા, જાહિરાભાભી, રશીદા, માલતી, જૈબુન, સોનીની વહુ, મોહસીનની વહુ ગૌણ

નારીપાત્રો છે. કથાવસ્તુને સઘન બનાવવામાં સહાય કરતાં આ ગૌણ પાત્રોની નારી છબીની સમીક્ષા પણ કરવાનો ઉપક્રમ છે.

૪.૨.૧ બિટ્ટી ભરવાડણઃ

બિટ્ટી ભરવાડણને બિટ્ટી રૌતાઈન કે બીદારોગિન તરીકે નવલકથામાં ઓળખાવવામાં આવી છે. 'ઇસ્લામબી' એ તેનું મુસ્લિમ નિકાહ પછીનું નામ છે, તેમ છતાં તે અંત સુધી બી-દારોગિનના નામે જ ઓળખાય છે. બિટ્ટી મિર્ઝા કરામતબેગ - દરોગાના પ્રેમમાં પડ્યા બાદ એક દિવસ ભાગીને કરામતબેગના ઘરે આવીને રહેવા લાગે છે. બની ઠનીને દૂધ વેચવા નીકળતી બિટ્ટી પ્રત્યેના આકર્ષણ અને તેની સાથેના લગ્ન બાદ મિર્ઝા કરામતબેગની નોકરી છુટ્ટી જાય છે. તે મહોલ્લો છોડીને મોટી તળાવ પાસેના ઘરમાં રહેવા આવે છે. મુસ્લિમ સમાજના અગ્રણીઓના ડરને કારણે મિર્ઝા કરામતબેગ મુસ્લિમ સ્ત્રી બિલાસપુરવાળી સાથે બીજા લગ્ન કરે છે. બિટ્ટીની શોક્ય(સોતન) આવતા જ બિટ્ટીનો અસલી સ્વભાવ બહાર આવે છે. મિર્ઝા કરામતબેગ ચુડીઓનો ધંધો કરે છે ત્યારે બિટ્ટી તેમને તે ધંધામાં સાથ આપે છે. પરંતુ, બિલાસપુરવાળી આવતાં જ ઘરનું બધું જ કામ તેને સોંપી દે છે. સાસુની જેમ રોફ જમાવતી બિટ્ટી ઘર અને પતિ બંને પર પોતાનું આધિપત્ય જમાવે છેઃ "કમ બેહયા ઔર ઝીદ્દી ઔરત હૈ! દરવાઝે કે પાસ અડી ગુસ્સા દિખતી હૈ. લાજ-શરમ હોતી તો હટકર કિસી ભી કમરે મેં સો જતી. અરે, તુજે બ્યાહ કર લાયે હૈ. ઇસકા મતલબ યહ તો નહીં કે રોજ ખસમ" (પૃષ્ઠઃ૪૦) દરવાજા પાસે સૂતી બિલાસપુરવાળીને અપશબ્દો સાથે મ્હેણાં મારતી બિટ્ટીને પતિ પરથી પોતાનું આધિપત્ય અને હક જાય તો પોસાય તેમ નથી. તે બિલાસપુરવાળી સાથે ગુલામ તરીકે વ્યવહાર કરે છે. તેમજ 'છીનાલ', 'હરામજાદી', 'કામચોર', 'બેહયા', 'રાંડ' જેવા અપશબ્દો કહીને તેનું તક મળે ત્યારે અપમાન કરે છે.

બિટ્ટી જેવી કર્કશા સ્ત્રીથી મિર્ઝા કરામતબેગ પણ પાછલી ઉંમરમાં કંટાળી જાય છે. તેમણે બિલાસપુરવાળીની ચિંતા છે. બિલાસપુરવાળીના બધા જ ઘરેણાં બિટ્ટી પાસે છે. આમ, તે ઘરમાં રહેતી અન્ય સ્ત્રી પર આધિપત્ય જમાવવા માટે કોઈ કસર છોડતી નથી. તે બિલાસપુરવાળી સાથે સાસુની જેમ વર્તે છે. એક ઓરડામાં કઈ પણ કામ વિના પડી રહે છે. મિર્ઝા કરામતબેગને બીજા લગ્ન માટે મનાવતી તે પોતે જ મિર્ઝાની બીજી પત્ની સાથે દુશ્મન જેવો વ્યવહાર કરે છે. આ વ્યવહારમાં તેના પતિ અને ઘર પ્રત્યેના માલિકીપણાની અસુરક્ષિતતા (insecurities) છુપાયેલી છે. એ પણ નોંધનીય બાબત છે કે તેના જીવનના અંત સુધી તે પેટીમાં સંતાડી રાખેલી લક્ષ્મીજીની પૂજા કરે છે અને અંત સુધી બિટ્ટી કે બી-દારોગિન તરીકે જ ઓળખાય છે, ઇસ્લામબી તરીકે નહિ.

મિર્ઝા કરામતબેગના મૃત્યુ બાદ ઘર છોડીને જતી બિલાસપુરવાળીને તે રોકતી નથી. બિટ્ટી પાસે ઘરેણાં માંગતા તે કહે છે. "રાંડ બેવા હોકર જેવર પહનેગી? (પૃષ્ઠઃ૫૦) આમ, વિધવા થવા છતાં તે પોતાનો બિલાસપુરવાળી સાથેનો અમાનુષી વ્યવહાર છોડતી નથી. પોતાનું ઘર, મહોલ્લો, પિતા અને ધર્મ છોડીને આવેલી બિટ્ટી ચાલાકીથી ઘર, પતિ અને ઘરની વસ્તુઓ પર માલિકી ભોગવે છે.

બિટ્ટીનો બીજો પતિ મિર્ઝાના અવસાન બાદ રજ્જુમિયાં બને છે, જે મિર્ઝા કરામતબેગનો જ મિત્ર છે. બિટ્ટી અને મિર્ઝાના પુત્ર રોશનબેગની હાજરીમાં અજુગતુ લાગવા છતાં, બિટ્ટી રજ્જુમિયાં સાથે ઘર માંડે છે. રોશનબેગને ઘોડા પર ફેરવવાના બહાને રોજ આવતા રજ્જુમિયાંની બિટ્ટી પર નજર છે. પાડોશીઓની ફુહડ વાતો અને ટોણાની પરવા કાર્ય વિના જયારે તે રજ્જુમિયાં સાથે ઘર માંડે છે ત્યારે રોશનબેગ માં થી દૂર થતો જાય છે.

રોશનબેગ યુવાન થતાં તેને છોટી ફુફી સાથે પરણાવવામાં આવે છે. આ નિકાહની રસમ દરમિયાન પણ રોશનબેગ ગુસ્સો દર્શાવે છે. તેમણે રસમ, રિવાજ કે સમાજની કોઈ પરવાહ નથી તે જાણીને બિટ્ટી લોકોની સામે દેખાડો કરવા માંડે છે. બિટ્ટી આવું ત્રણ પ્રસંગે કરે છેઃ ૧. બિટ્ટી સાથે મિર્ઝાના લગ્ન થયા ત્યારે સમાજના અગ્રણીઓ વિરોધ કરવા આવ્યા ત્યારે કરેલો દેખાવઃ "મેરે લિએ તુમ્હારી નોકરી-ચાકરી ગઈ, બદનામી હુઈ, ઇતને દુઃખ ઝેલે, અબ સમાજ કો ભી ઠુકરાકર ચલોગે તો કૈસે બનેગા? આખિરી દિનોં કે લિએ તો કુછ સોચના ચાહિએ।" (પૃષ્ઠઃ૩૫) ૨.જયારે મિર્ઝા કરામતબેગનું મૃત્યુ થાય છે ત્યારે આવેલા લોકો સામે બિટ્ટીનો જોરથી વિલાપ ૩. રોશનબેગના રિવાજ સમયે રોશન ઉઠીને ચાલી જતાં બિટ્ટીનો લોકો સામે દેખાડો. આ ત્રણ પ્રસંગ દ્વારા જોઈ શકાય છે કે, સમાજના લોકો સામે પોતાની જાતને સાબિત કરવા માટે બિટ્ટી દેખાડાનો સહારો લે છે. તેની નાટકીય ઢબ તેનો અસલી સ્વભાવ ખુલ્લો પાડે છે.

બીજા પતિ રજ્જુમિયાંની સ્ત્રી લોલુપતા પ્રત્યે તે બધું જાણે છે. રોશનની પત્ની છોટી ફુફી હોય કે હિન્દુ છોકરી માલતી રજ્જુમિયાં બિટ્ટીના હોવા છતાં બંને સ્ત્રીઓ પર બદનજર નાંખે છે. ત્યાં સુધી કે માલતી જેવી સુંદર છોકરીને ભોગવીને તે ગર્ભવતી બનાવી દે છે. બિટ્ટીને તેની જાણ થતા માલતીને કાઢી મોકલી દે છે. રજ્જુમિયાંનું આ કારસ્તાન જાણવા છતાં અપશબ્દ બોલીને બીજું કઈ કાર્ય વિના માલતીને મારીને કાઢી મુકતી બિટ્ટી રજ્જુમિયાંને કરી કરતી નથી. આ અર્થમાં તે પરંપરાગત છે.

છોટી ફુફી પર બિલાસપુરવાળીની જેમ જ સાસુપણું અજમાવતી બિટ્ટી ઝઘડાં કરતાં થાકતી નથી. છોટી ફુફી પર આખા ઘરનો કામનો ઢસરડો છે. તેમ છતાં બિટ્ટી કે રજ્જુમિયાંને કંઈક આપવા મોડું થઇ જાય તો છોટી ફુફીને સંભળાવામાં કંઈ બાકી ન રાખતી બિટ્ટી અંત સુધી તેનું આધિપત્ય છોડતી નથી. તે છોટી ફુફીને પોતાની સગી મા સાથે પણ મળવા કે વાત કરવા દેતી નથી. મિલાદના

પ્રસંગે જાહિરાભાભી સાથે પણ હળવા- મળવા દેતી નથી. આમ, છોટી ફુફીના વ્યવહાર પર પણ તેમની ચસોચસ લગામ છે. ગર્ભવતી બનતાં છોટી ફુફી પહેલાંની જેમ કામ ન કરી શકતા તેને આ ટોણો સાંભળવો પડે છેઃ "એ રોશન કે ચાચા, દુનિયા - જહાન કે બહાર એક તુમ્હારી બહુ હી પેટ સે હૈ! દિન-ભર સોના યા લુઢકે પડે રહના! અરે, યહ આદમી જન રહી હૈ કી રાવણ?" (પૃષ્ઠઃ ૧૩૧)

આમ, મિર્ઝા સાથેના લગ્ન બાદ એકદમ નવા લોકોની નવી દુનિયામાં પ્રવેશેલી બિટ્ટી અંત સુધી કેવું આધિપત્ય જમાવી રાખે છે તે દર્શાવતા આ બે વિધાનોઃ

૧. "સુનને મેં યહ બાત અજીબ-સી લગતી હૈ, લેકિન ઉપર સે ચાહે વહ બી-દારોગિન યા ઇસ્લામબી હોં, ભીતર સે અંત તક વહ બિટ્ટી બની રહીઃ ઉનકે અપને લાકડી કે સંદૂક (જિસમેં સારે જેવર ઔર પૈસે રહતે) કે પલ્લે મેં લક્ષ્મી કી તસવીર આખિર તક ચિપકી રહી ઔર નહાને કે બાદ કમરા બંદ કરકે લક્ષ્મી-પૂજા કરના ઉન્હોને કભી બંદ નહિ કિયા."(પૃષ્ઠઃ ૧૦૧)

૨."કિતના અજીબ સા લગતા હૈ કિ બી-દારોગિન કહાં જન્મી, કહાં પલી-બઢી, કિસકે પલ્લુ સે બંધ આઈ, આખિર કિસકે હાથોં મિટ્ટી પાઈ ઔર અબ કિસકે હાથો તર્પણ પા રહી હૈ!"(પૃષ્ઠઃ ૬૦)

આમ, બિટ્ટી આ નવલકથાનું અનોખું હિન્દુ સ્ત્રી-પાત્ર છે. જે મિર્ઝાનો એકવાર માર ખાવા છતાં કે રજ્જુમિયાંની માલતી સાથેની લોલુપતા ખુલ્લી થવા છતાં પોતાનો સ્વભાવ છોડતી નથી. નીડર, કપટી, ચાલાક જેવા ગુણો ધરાવતી તે અન્ય સ્ત્રીઓ પર પુરુષની જેમ જ અત્યાચાર કરે છે. જો તે માલિક નહીં બને તો ગુલામી કરવી પડશે તેના તંત્રથી તે જાણકાર છેક સુધી ઘર, પતિ અને પરિવાર પર પુરુષની જેમ આધિપત્ય જમાવે છે. આ નવલકથાની અન્ય સ્ત્રીઓ પર પુરુષો સિવાય શોષણ કરનાર સ્ત્રી પાત્ર તરીકે તેની છબી પ્રગટ થઇ છે.

૪.૨.૨ બિલાસપુરવાળી:

મિર્ઝા કરામતબેગની બીજી પત્ની બિલાસપુરવાળીના લગ્ન મિર્ઝા સાથે મુસ્લિમ અગ્રણીઓના દબાણને કારણે થયા હતા. બિટ્ટી હિન્દુ સ્ત્રી સાથેના લગ્નના અપરાધ (ગણાતા)ની લાગણી દૂર કરવા માટે સમાજના અગ્રણીઓને કારણે તે બીજી પત્ની બનીને મિર્ઝાના જીવનમાં આવે છે. શરૂઆતથી જ બિટ્ટીના ઘર અને પતિના આધિપત્યને કારણે બિલાસપુરવાળી ત્રસ્ત છે. વહેલી સવારથી રાત સુધી તે બિટ્ટી અને મિર્ઝાની સેવા અને ઘરકામમાંથી પરવારીને રાત્રે તે પતિ પાસે જવાનું સુખ પણ નથી પામતી.

બિટ્ટીનો વ્યવહાર બિલાસપુરવાળી સાથે સાસુ જેવો છે. કામમાં મોડું થતાં કે દરવાજાની બહાર જ સુઈ જતાં તેને બિટ્ટીની ગાળો સાંભળવી પડે છે. જોકે મિર્ઝાને બિટ્ટીનો અત્યાચાર ધ્યાનમાં આવતાં જ બિટ્ટીને મારે છે તે પ્રસંગે પણ બિલાસપુરવાળી તેને રોકે છે. બિટ્ટીમાં ઈર્ષ્યા હોવા છતાં મિર્ઝાને દબાણ કરીને બીજું લગ્ન કેમ કરાવ્યું? તેની સમજ મિર્ઝાને પણ નથી પડતી. જ્યારે બિટ્ટીના આ નિર્ણયમાં અને વ્યહારના વિરોધાભાસમાં દ્વીમુખીપણું (Hypocracy) છે.

શારીરિક કામના ઢસરડાંને કારણે બિલાસપુરવાળી બે વાર ગર્ભવતી બને છે પણ બંને વાર ગર્ભપાત થાય છે. બિટ્ટીના અત્યાચાર ભર્યા વર્તનથી મિર્ઝાને પણ બિલાસપુરવાળી પર દયા આવે છે. બિમાર મિર્ઝા મૃત્યુના નજીકના સમયમાં તેને કહે છે: "સબકા બન જાએગા, લેકિન તુમ્હારા ક્યાં હોંગા?" (પૃષ્ઠ:૪૭) છેવટે મિર્ઝાના મૃત્યુ બાદ તેને ઘર છોડીને ચાલ્યા જવાનો વારો આવે છે.

આ નવલકથામાં સ્ત્રીની અન્ય સ્ત્રી પરત્વેની ઈર્ષ્યાનો ભોગ બિલાસપુરવાળી બને છે. પોતાના જ ધર્મના ઘરમાં લગ્ન કરીને આવી હોવા છતાં તેનો ઘર કે પતિ પર કોઇ અધિકાર નથી. તેનું પાત્ર આ નવલકથામાં પુરુષપાત્ર નહિ પરંતુ સ્ત્રીપાત્ર દ્વારા થતાં શોષણનું પ્રતીક છે. આખી નવલકથામાં માત્ર એક જ સ્ત્રી શોષક છેઃ બિટ્ટી તેના દ્વારા તે જીવે છે ત્યાં સુધી સત્તા તંત્ર (Power channel) કામ કરે છે. બિલાસપુરવાળીનું નવલકથાના અંત સુધી કોઈ નામ નથી. જે તેની કોઈ આગવી 'ઓળખ' (Identity) નથી તે દર્શાવે છે. તે માત્ર શોષિત સ્ત્રી તરીકે નવલકથામાં આવે છે.

૪.૨.૩ છોટી ફુફીઃ

બિટ્ટીના રજ્જુમિયાં સાથેના નિકાહની અસર રોશનબેગ ઉપર પડે છે. મા અને નવા બાપથી અતડો રહેતા રોશનબેગનો યુવાન થતાં છોટી ફુફી સાથે નિકાહ કરાવવામાં આવે છે. મા- બાપના ઘરે હસી-ખુશીથી રહેલી છોટી ફુફીના નિકાહ પછી સાસરીમાં તેની સાથેનું વર્તન એ લગ્ન બાદ નિરાશાભર્યા વાતાવરણમાં છોકરીઓનું થતું પરિવર્તન દર્શાવે છે. જુદાં-જુદાં પક્ષીઓ અને પ્રાણીઓ સાથે હસતી-બોલતી છોટી ફુફી સાસરીની કેદમાં છે.

લંપટ સસરો રજ્જુમિયાં અને કર્કશા સાસુ બિટ્ટીના ત્રાસથી ત્રસ્ત તેને પતિ પાસેથી પણ સાંત્વના મળતી નથી. નિકાહમાંના વિવિધ રિવાજ સમયે ગુસ્સે થતો રોશનબેગ અંત સુધી સામંતી પુરુષ જ રહે છે. જેની પ્રતિક્રિયારૂપે વિદ્રોહ કરતાં તેના જ બે બાળકો સલ્લો અને મોહસીનના પાત્રો આવે છે. છોટી ફુફીને લગ્નની પહેલી જ રાતે પતિ પાસેથી આ વિધાન સાંભળવા મળે છેઃ "મુજે ક્યા માલૂમ થા કી તુમ્હારે ઘર કે લોગ ઇસ કદર જંગલી હૈ." (પૃષ્ઠઃ ૮૯)

ચોથી બાદ પગફેરાની વિધિ સમયે છોટી ફુફીના શરીરને ટીકી-ટીકીને જોતા, પીઠ પર હાથ ફેરવતા રજ્જુમિયાં પર ત્યારથી તેને શંકા છે. જે અન્ય પ્રસંગે શારીરિક છેડતી સમયે શંકા સુનિશ્ચિત બને છે. આ વ્યથા છોટી ફુફી કોઈને કહી શકતી નથી. તેમાં જ પુરુષસત્તાક વ્યવસ્થાની મર્યાદા છે. ત્રણ પ્રસંગે છોટી ફુફીનું ગભરું વ્યક્તિત્વ દર્શાવવામાં આવ્યું છેઃ ૧. મકાનની બાજુમાં થયેલા ખૂનના પ્રસંગે ૨. રશીદાના તેના ચાચા દ્વારા કરવામાં આવતાં શારીરિક શોષણની જાણ થતાં જે અંતે રશિદાના મૃત્યુમાં પરિણમે છે ૩. તેના રજ્જુમિયાં સાથેના શારીરિક છેડતીના પ્રસંગે.

સ્વપ્નની પ્રયુક્તિ દ્વારા છોટી ફુફીની પુરુષપાત્રો પ્રત્યેની બીકને દર્શાવવામાં આવી છેઃ "મસલન, કિસી વિરાન જંગલ કે બીચ વહ અકેલી પડ ગઈ હૈ; કિસી ફૂલોં સે ભરી ઘાટી મેં ઉતારતી હૈ; વહાં ઊંચે ઊંચે શાલ વૃક્ષ ખડે હૈ, પર જૈસે હી વહ આંખ ઉઠાકર ઉપર દેખતી હૈ કિ કોઈ ચિતકબરી પીઠાવાલા સાંપ અચાનક ઉનકી ઔર લપકતા હૈ. કિસી તરાહ જાન બચાને કે લિએ વહ લૌટતી હૈ. ઔર પુરી તાકત સે બેતહાશા ભાગના ચાહતી હૈં, લેકિન અજીબ બાત હૈ કિ ચાહે વહ જિતની શક્તિ લગાએઁ, ફાસલા કામ હી નહીં હોતા ઔર પરિણામ સ્વરૂપ સાંપ ઉનકે શરીર સે લિપટ જાત હૈ, યહી ક્ષણ ઘબરાકાર આંખે ખોલને યા ઉઠ બેઠને કા હોતા હૈ." (પૃષ્ઠઃ ૧૨૧)

છોટી ફુફીને પતિ રોશનબેગથી પણ ડર છે. "લે સાલી, અબ તૂ હી ખા". (પૃષ્ઠઃ૧૦૩) "સાલી, મેરે ઘર મેં રહકર મેરે હી માં-બાપ સે દુશ્મની રાખતી હૈ! કમાને- લાનેવાલા મૈં, ખિલાને - પિલાનેવાલા મૈં, તું કૌન હોતી હૈ કી બીચ મેં ટાંગ અડાએ! રહના હૈ તો સીધી તરહ સે રહ, નહીં તો અપના રસ્તા નાપ..."(પૃષ્ઠઃ૧૨૫) આમ, રજ્જુમિયાંની ઓળખાણથી તહસીલદારની અદાલતમાં સરકારી નોકરી કરતો રોશનબેગ પણ પુરુષસત્તાક તંત્રનું પ્રતીક છે. પત્નીને મારવી, ટોણાં સંભળાવવા, ગાળો ભાંડવી કે ગુલામી કરાવવી ત્યાં સુધી કે મોહસીન કે સલ્લો પ્રત્યેની

જવાબદારીમાં પણ છોટી ફુફીની બેદરકારી ગણાવવી આ બધા જ પુરુષસત્તાક માનસના પરિણામો છે.

સાસુ બિટ્ટીના ડરને કારણે માને પિયર મળવા ન જઈ શકતી કે સાસરીમાં આવેલી મા જોડે વાત ન કરી શકતી છોટી ફુફીને લેખક કેદમાં રહેલી ચકલી (પક્ષી) સાથે સરખાવવે છે. "જૈસે ડૈનબંધી દાલ હી ગઈ ચિડિયા ભૂલકર ઉડના ચાહે ઔર સિર્ફ ફડફડાકાર રહ જાએ."(પૃષ્ઠઃ ૧૪૨) "સ્વભાવે સરળ છોટી ફુફી પતિ- પત્નીના શયનસંબંધ વિશે બિટ્ટી ગમે તેમ બોલે તો પણ પ્રતિકાર કરવાનો હક નથી. તેમ કરતાં સાસુ દ્વારા તેને સળગતાં લાકડાથી મારવામાં આવે છે. સાસુ દ્વારા વહુને કરાતી શારિરીક ઈજા(Domestic Violence) પણ પુરુષપ્રધાન સમાજનું પરિણામ છે. જેમાં સાસુનો વહુ પર અધિકાર જમાવીને અહમ (ego) સંતોષાય છે. શોષિત અન્યને શોષિત બનાવીને પોતે શોષક બને તે સાંકળ વર્ષોથી ચાલી આવે છે જેને લેખકે બિટ્ટી અને છોટી ફુફીના પાત્રો દ્વારા દર્શાવ્યું છે.

કામમાં આખો દિવસ પરોવાઈ રહેતી છોટી ફુફીને માલતીની સુંદરતા જોતાં તુલના થઈને ઈર્ષ્યાનો ભાવ જન્મે છે. ઘરના કામમાં વ્યસ્ત સ્ત્રીઓનો શૃંગાર પ્રત્યેનો દુર્ભાવ છોટી ફુફીના આ વિધાન દ્વારા દર્શાવવામાં આવ્યો છેઃ "ઉન્હેં આશ્ચર્ય હુઆ કિ ઈતની ઉમ્ર તક એક બાર ભી અપને રૂપ-રંગ કે બારે મેં ઉન્હોંને કૈસે નહીં સોચા. અબ ઈતને દીનો બાદ અચાનક મન મેં જિજ્ઞાસા ઉઠતી હૈ કિ પતા નહીં, વહ દેખને-દિખાને મેં કૈસી લગતી હોગી." (પૃષ્ઠઃ૧૩૦) સ્ત્રી તરફથી સુંદરતાની અપેક્ષા પુરુષપાત્રો સિવાય સ્ત્રીપાત્રોમાં પણ કેવી રીતે ઘર કરી જાય છે. જેના કારણે ઈર્ષ્યા જન્મે છે તે દર્શાવવામાં આવ્યું છે.

માલતી અને રજ્જુમિયાં વિશે જાણ થતાં છોટી ફુફી પતિના ડરને કારણે કોઈ પણ સાથે તે વિશે વાત કરી શકતી નથી. પોતાના ભાઈના વિવાહેતર સંબંધની જાણ થતાં તેને પોતાની ભાભી પ્રત્યે પણ સહાનુભૂતિ જાગે છે. ભાઈ-ભાભીના ઘરની હાલતની જાણ થતાં છોટી ફુફી બબ્બનને પણ રોજ ઘરે બોલાવે છે. તેમાં પણ તેને પતિની બીક છે. બિટ્ટીના મૃત્યુ બાદ રજ્જુમિયાં જૂઠાણાં પણ તે સહન કરે છે. રોશનબેગના અને સલ્લોના મૃત્યુ બાદ એકલી ગરીબીનો ભાર વેઠતી તે પોતાની પુત્રવધુની ગર્ભાવસ્થા દરમિયાન કાળજી રાખી શકતી નથી તેનું પણ તેને દુઃખ છે.

વિવેચક ભરત મહેતા છોટી ફુફીને 'આસ્થા અને જિજીવિષાનું પ્રતીક'૧ ગણાવે છે. જે નવલકથામાં ઘણે પ્રસંગે સાર્થક થાય છે. ડૉ. રસીલા ઉમરેટીયા છોટી ફુફીના વ્યક્તિત્વ વિષે વાત કરતાં નોંધે છે કે "એક આદર્શ સ્ત્રીત્વ કી પરાકાષ્ઠા કો ઉનકે ભીતર ઝાંકા જા સકતા હૈ. એસા ઈસલિએ સંભવ હુઆ હૈ કિ જિન સ્તિથિયોં કે બીચ છોટી ફુફી જી રહી હૈં, ઉનકે સાથ લેખક કા ઘનિષ્ઠ આત્મીય જુડાવ રહા હૈ. "૨

શ્રી ધનંજય વર્મા પણ તેની ચર્ચા કરતાં નોંધે છેઃ "તબ 'કાલા જલ' નામ ભી તય નહીં હુઆ થા. ઈસ ઉપન્યાસ કો લેકર શાની કે સામને એક જીતા-જાગતા ચરિત્ર છોટી ફુફી કા થા. મુઝે ઈતના તો માલૂમ થા કિ ઉસે કેન્દ્ર બનાકર એક ઉપન્યાસ કી તૈયારી શાની ને કિ હૈ, ઇસકી કલ્પના ન તબ શાની ને કી થી ન મૈને. તય હુઆ કી છોટી ફૂફી કી વર્તમાન પીડા ઊભારને કે લિએ ઉસકા અતીત જરૂરી હૈ, લેકિન વહ અતીત ઈતના વિસ્તૃત હો જાએગા કી ઉસકી અપની અલગ કહાની હોગી, કી ઉસકે પ્રત્યેક પાત્ર કી અપની સંપૂર્ણ જીવન-યાત્રા વહાં હોગી ઔર પૂરા ઉપન્યાસ તીની પીઢિયોં કા ઇતિહાસ હોગા, યહ તબ નહીં સોચા થા."૩ આમ, છોટી ફૂફીનું પાત્ર લેખક શાનીનાં અનુભવ જગતમાંથી આકાર લે છે. જે માલતી, રશીદા, જાહીરાભાભી, બબ્બનની મા વગેરે પાત્રોની પીડાને પણ સંવેદી શકે તેનો અવકાશ આ પાત્રમાં જોવા મળે છે. મનુષ્ય અને જીવન

પ્રત્યેની શ્રદ્ધાને જીવતું નવલકથાનું આ પાત્ર સમાન સંવેદનજગતમાં વિશિષ્ટ રૂપે પ્રગટી આવે છે. પુરુષપાત્રોના ડર કે સાસુના અત્યાચારથી આ પાત્રની શ્રદ્ધા અંત સુધી ડગતી નથી. પરંપરાગત, શ્રદ્ધાળુ, સંવેદનજન્ય ગૃહિણી તરીકે આ પાત્ર વિશિષ્ટ બને છે.

૪.૨.૪ સાલિહા (સલ્લો આપા):

સલ્લો આપા છોટી ફૂફીની દીકરી નવલકથાનું સૌથી વિલક્ષણ પાત્ર છે. સાવલો રંગ અને સ્વભાવે આત્મીય એવી સલ્લો આપા બબ્બનની સખી છે. સ્વભાવે ચંચળ સલ્લો આપા પોતાના રૂમમાં ફિલ્મની તસ્વીરો ભીંતો પર લગાડે છે. બબ્બન જ્યારે સલ્લો આપાના સંપર્કમાં આવે ત્યારે પોતાના દેખાવ અને વર્તાવ પ્રત્યે ખૂબ સભાન (Conscious) થઈ જાય છે. તેના મેલા કપડાને લઈને સલ્લો શું વિચારતી હશે?- આવા પ્રશ્નો તેને વારંવાર થાય છે. સલ્લો અને તેનો ભાઈ મોહસિન બંને સામંતી વાતાવરણમાંથી ઉબી જઈને ઉછરી રહેલી નવી પેઢીના વિદ્રોહનાં સૂચકો છે. મોહસિનનો વિદ્રોહ ખુલ્લો છે. તે તેના પિતાના ડર વગર ભટક્યા કરે છે. નિશાળે ન જવામાં, કાચીંડાઓને ગોંફણથી મારવામાં, માર-પીટ કરવામાં, યુનિયન જેક સળગાવવામાં તેની ઈચ્છાઓ સંતૃપ્ત થાય છે. જ્યારે સાલિહાનો વિદ્રોહ છૂપો છે. તે છૂપાઈને બબ્બન પાસે રતિક્રીડાનું પુસ્તક મંગાવે છે, રાતના અંધકારમાં મોહસિનને શોધવા જવાને બહાને છોકરાનો પોશાક પહેરે છે. સિગારેટ પીવે છે અને ચોકલેટી રંગના પેન્ટવાળા શખ્સ સાથે સંબંધ ધરાવે છે. જોકે બબ્બન સલ્લોનાં સ્વભાવ અને વર્તનથી વાકેફ છે. સલ્લો તેની હાજરીમાં રૂમમાં પીઠ કરીને કપડાં બદલતા પણ ખચકાતી નથી.

સલ્લોની ચંચળતા અને ચાલાકીનું સૂચન કરતાં આ સંવાદો જુઓઃ

૧. "દેખો, રાત મેં કોઈ ભી જવાન-જહાન લડકી સાડી-ધોતી યા સલવાર મેં નિકલે ઔર અકેલી હો, તો ઉસકે બારે મેં લોગ ક્યા ખયાલ કરેંગે? જાહિર હૈ, ન દેખનેવાલા ભી દેખેગા. બરઅક્સ ઇસકે મરદાના કપડો મેં સબકે સામને સે રોશની મેં નિકલ જાઓ..."(પૃષ્ઠઃ૨૭૦)
૨. "અચ્છા-અચ્છા, લેકિન મૈ તુઝસે ક્યા ડરતી હૂઁ? અરે, તૂ તો મેરે સામને બચ્ચા હી હૈ, અભી કલ તક નંગા ઘૂમતા થા."(પૃષ્ઠઃ૨૭૫)

પ્રો. ભરત મહેતાના મતે સલ્લો આપા 'કાલા જલ'માં જન્મેલ શ્વેત પદ્મસમી જીવનનું પ્રતીક છે. "ચંચળતા એક અમૂર્ત શબ્દ છે. એ શબ્દને મૂર્તિમંત જોવો હોય તો વાચકે આ નવલકથાની સલ્લો આપાને મળવું રહ્યું."૪ ડૉ. સુમિત્રા યાદવના મત અનુસારઃ "શાની ને સલમા કે પ્રતિ અપની ગહરી આત્મીયતા પ્રકટ કી હૈ. લેખક કી બુઆ કી લડકી એવમ ઉમ્ર મેં બડી હોને કે કારણ ઉનસે અધિક બુદ્ધિમાન, સમજદાર, પઢી-લિખી, ફૈશનેબલ થી."૫ આમ, છોટી ફૂફી અને બિટ્ટીની જેમ સલ્લો આપાનું ચરિત્ર પણ લેખકનાં વાસ્તવિક અનુભવજગતમાંથી આવે છે તેમ કહી શકાય.

નવલકથામાં ઘણા પ્રસંગે બબ્બન સલ્લો આપાના વિજાતીય સ્પર્શથી કે શરીરની સુગંધથી આકર્ષાય છે. નવલકથાના અન્ય પાત્રો કરતાં બબ્બન સલ્લો આપાના સૌથી નિકટ હોવા છતાં સલ્લો આપા વિષે બધું જ જાણતો નથી. તેથી જ તકીયા નીચે મળેલી ચિઠ્ઠીથી, ચોકલેટી રંગના પાટલૂનથી અને અંતે સલ્લો આપાના મૃત્યુના સમાચારથી તે ઘણો આઘાત પામે છે. સલ્લો આપા ના પાડવા છતાં પણ પરિણીત સ્ત્રીની જેમ માથામાં અફ્શાં (સિંદૂર) લગાવે છે. આ સલ્લોનું મૃત્યુ આત્મહત્યા છે કે હત્યા તે વિષેનું રહસ્ય બબ્બનને ૧૦ વર્ષ પછી પણ જાણે ભય (Haunt) પમાડે છે. તેને સલ્લોનું આ વાક્ય યાદ આવે છેઃ "તુમને ખુદી હુઈ કબ્ર નહીં દેખી? કિતની છોટી ઔર જરા-સી જગહ મેં લોગ મુરદે કો અકેલે દાળ જાતે હૈ. સોચતી હૂઁ, તખ્તે-મિટ્ટી કે પટાવ કે બાદ ભીતર કિતના અંધેરા હો જાતા હોગા. ફીર કીડે, સાંપ ઔર બિચ્છૂ...હાય અલ્લાહ, મૈ તો કભી દફ્ન નહીં હોના ચાહતી."(પૃષ્ઠઃ૩૦૪)

મૃત્યુ કે કબરથી ડરતી સલ્લો આપા આત્મહત્યા કરે એ માન્યામાં ન આવે તેવી વાત છે. આમ, સલ્લો આપાનું વ્યક્તિત્વ આ નવલકથાની અન્ય સ્ત્રીઓથી જુદું તરી આવે છે. બસ્તરના મૃતપ્રાય, એકધાર્યા જીવનના વહેણમાં સલ્લો આપાની જીવંતતા, પોતાની મરજી પ્રમાણે જીવન જીવવાની જિજીવિષા અને અણધાર્યો અંત એ બસ્તરના જીવન અને સંઘર્ષ વચ્ચેનો ભેદ દર્શાવી આપે છે. સલ્લોનું જીવન જાણે બસ્તરના વાતાવરણથી પર છે અને તેનો અંત બસ્તરના વાતાવરણનો સૂચક!

ભારતીય મુસ્લિમ સમાજની જડતાનો છૂપાઈને છેદ ઉડાડીને જીવતી સલ્લો આપાનો અંત તો એ જ રીતે થાય છે, જે રીતે મોહસિનના દેશવ્યાપી આંદોલનમાં જોડાવવાનું પરિણામ નિરાશામાં આવે છે, કે નાયડુની ક્રાંતિની વાતો હતાશામાં અંત પામે છે. અંત સુધી ઈચ્છા પ્રમાણે જીવવાની વ્યવસ્થા કરી લેતી સલ્લો આપા ચંચળ, જીવંત, આધુનિક, સ્વતંત્ર અને બેફિકરાઈનું પ્રતીક છે. હિન્દી ભારતીય નવલકથાઓના અસામાન્ય નારી પાત્રોમાંનું એક વિલક્ષણ પાત્ર છે.

૪.૩ 'કાલા જલ'- હિન્દી નવલકથામાં ગૌણ નારી છબીનો અભ્યાસઃ

૪.૩.૧ બબ્બનની માઃ

બબ્બનની મા કાયમ ગુસ્સે અને હતાશ રહેતી તેથી જ બબ્બનને છોટી ફોફીના ઘરે રહેવું ગમતું. પોતાના નસીબને તો ક્યારેક પોતાના સંતાનોને કોસતી બબ્બનની મા તેના પિતાના કાર્યોથી ત્રસ્ત છે. સરકારી પૈસા ઘરમાં વપરાઇ ગયા હોવાથી તેના પિતાને જેલ જવા સુધીનો વારો આવે છે. બબ્બનના પિતાના અન્ય સ્ત્રી સાથેના અનૈતિક સંબંધથી તેની મા વાકેફ છે. તે એટલી ત્રસ્ત છે

કે બબ્બન કે સૂફીયા જમવાનું માંગે ત્યારે પણ આમ કહે છેઃ "વહ તો નહીં, અબ મેરા ગોશ્ત રાહ ગયા હૈ ખાને કે લિએ, તુમ સબ લોગ બૈઠકર ઉસે ભી ચીથ ડાલો..."(પૃષ્ઠઃ૧૯૨)

બબ્બનના પરિવારની ગરીબાઈનું કારણ તેના પિતાના અન્ય સ્ત્રી સાથેના સંબંધો છે. તેથી જ તેની મા કહે છેઃ "મૈં બતાતી હૂઁ, ઉસ રાંડ કે લિએ એક-સે-એક ફૈન્સી સાડીયાઁ, જેવર, સાજ-સિંગાર....ઇન સબકે લિએ સિર્ફ તનખ્વાહ કહાં બસ હોતી હૈ?"(પૃષ્ઠઃ૨૦૪) પુરુષસત્તાક સમાજમાં પુરુષના અન્ય સંબંધોની અસર પોતાની પત્ની પર કઈ રીતે થાય છે તે દર્શાવતો આ નમૂનો છે. એ પણ નોંધનીય બાબત છે કે ઘર વેચવાની અને ગંદા મહોલ્લામાં જઈને રહેવાની નોબત આવી જતા સુધી બબ્બનના પિતાને ઘરની, પત્નીની કે બાળકોની પરવાહ થતી નથી. તેનો બધો જ ભાર બબ્બનની મા પર આવી પડે છે. આ બધી પરિસ્થિતીમાંથી બહાર આવવા બબ્બનની મા ઓલિયાએ આપેલા ચઢાવા અને અગરબત્તીની રાખ પર વિશ્વાસ કરે છે. અંધશ્રદ્ધાને તાબે થાય છે. પૂર્વજોનું ઘર છોડવાની વેદનાનું નિરૂપણ પણ લેખકે હૃદયદ્રાવક રીતે કર્યું છે. બબ્બનની મા છૂપાઈને નણંદ-છોટી ફૂફીને મળે છે. છોટી ફૂફી બબ્બનની માને પણ મદદ કરે છે. આ સંબંધમાં ભાભી-નણંદ વચ્ચે બહેનનો સંબંધ(Sisterhood) રચાય છે.

આમ, બબ્બનની મા આ નવલકથાના અન્ય સ્ત્રી પાત્રોની જેમ જ પતિથી પીડિત સ્ત્રી છે. પતિના અનૈતિક સંબંધોની જાણ હોવા છતાં મળેલી જિંદગીને જેમ-તેમ કરી ગુજારવામાં તેને સંતાનો પણ ભારરૂપ લાગવા માંડે છે, તેમાં તેની દયનીય સ્થિતિ અને વ્યથા રજૂ થાય છે. તેનું સાહસ ખૂટી પડતાં ઓલિયાની 'પૂડીયા'માં તેની શ્રદ્ધા બંધાય છે. અહીં તે તેનું અવલંબન અને આશા બને છે. તેના જીવનમાં શુષ્કતા છે. તે છોટી ફૂફીની જેમ માનવીય શ્રદ્ધા રાખી શકતી નથી, ત્યાં તેની વ્યથાની પરાકાષ્ઠા છે.

૪.૩.૨ જાહીરા ભાભીઃ

જાહીરા ભાભીએ છોટી ફૂફીની સખી છે. સજી-ધજીને ફરતી જાહીરા ભાભી છોટી ફૂફીને મિલાદના સમયે મળતાં તેના દિયર સાથેના સંબંધોની વાત જણાવે છે. 'પહેલાં જોઈ હોત તો તારી સાથે લગ્ન કરત' એવા ઠાલા વચનો બોલતો દિયર તેના લગ્ન બાદ જાહીરા ભાભી પાસે ફરકતો પણ નથી. જાહીરા ભાભીને બાળક ન થતું હોવાથી પતિ પણ તેની પર શંકા કરે છે. રશીદા અને તેના કાકા વિષેની વાતની જાણ પણ છોટી ફૂફીને જાહીરા પાસેથી જ થાય છે. દિયર સાથે અનૈતિક સંબંધ ધરાવતી જાહીરા દિયરના લગ્ન બાદ તેના પ્રત્યે દિયર તરફથી થતો દુર્ભાવ સેવે છે. તેના દ્વારા લેખક દર્શાવે છે કે પુરુષ પાત્રોમાં સ્ત્રી પ્રત્યેની લાગણી શરીર પૂરતી સીમિત હોય છે. વાસનાપૂર્તિના સાધન રૂપે તેનો પણ ઉપયોગ દિયર દ્વારા થાય છે.

૪.૩.૩ રશીદાઃ

મિલાદના પ્રસંગે છોકરા જેવી લાગતી પાતળી, શ્યામ રશીદા 'કાલા જલ'સમી મૃતપ્રાય છે. જાહીરા ભાભી મળતાં પણ તે પ્રતિભાવવિહીન વર્તન કરે છે, તેમાં આ પાત્રની વ્યથા છલકાઈ છે. તેની આ શુષ્કતાનું કારણ તેનો કાકો છે. બાપ ન હોવાથી ચાચા પાસે રહેતી રશીદાને તેના સગા કાકા ભોગવે છે. પાંચ વખત નમાઝી તે સ્ત્રીની ઋજુતાને કે માનવીય શ્રદ્ધાને કચડી નાખે છે. પુરુષની સ્ત્રી-લોલુપતાની વધુ એક પીડિત (Victim) રશીદા છે. જે અંતે આત્મહત્યા કરે છે. આ આત્મહત્યા માટે જવાબદાર અને શારીરિક-માનસિક અત્યાચાર માટે જવાબદાર રશીદાના કાકાને કોઈ બાધ લાગુ નથી પડતો. જ્યારે આ પરિસ્થિતીમાં જીવવા કરતાં મૃત્યુના શરણે થવું સારું એવું માનતી જાહીરા ભાભીને રશીદાના મૃત્યુ બાદ પસ્તાવો થાય છે. આ ઘટના છોટી ફૂફીને ઘણાં

દિવસો સુધી ભય (Haunt) પમાડે છે. તે તેમના સસરાને લઈને સમાન અનુભવના ભયથી ફફડી ઊઠે છે. સ્વપ્નોમાં પણ છોટી ફૂફી જે ડર અનુભવે છે તે માટે રશીદાના કાકા, રજ્જૂમિયાં અને બબ્બનના પિતા જેવા પુરુષો જવાબદાર છે. જેનું મૂળ પુરુષની વાસના છે. તેની લગામ પણ છૂટ્ટી મૂકતું પુરુષસત્તાક તંત્રનું બળ! જે સમાજમાં પણ વ્યાપ્ત દુરાચારોને કારણે મૃત્યુ સુધી પહોંચતી પીડિત સ્ત્રીઓનું કારણ છે.

આજના સમયે પણ સમાજમાં વ્યાપ્ત દુરાચારોમાં કાયદાકીય પગલાં લઈ શકાય છે. પરંતુ, સ્ત્રીનાં શરીરને કારણે તેની અંતર આત્માને ભીંસી નાખવામાં આવે છે, તે પરિસ્થિતીનો કોઈ ઉકેલ આવી શકતો નથી અને તેને અવગણી શકાય એમ પણ નથી. આ ઉપરાંત, ઘરના સ્તરે ચાલતા ઘરેલુ હિંસા, બળજબરી(Marital Rape) અને છેડતીના કિસ્સાઓ ઘરની 'so called' આબરૂ, સન્માન અને પ્રતિષ્ઠાને કારણે બહાર આવી શકતા નથી. આ પરિસ્થિતીઓ વધુ સંકુલ હોય છે. આ સમસ્યાઓને શાનીએ તેમની આ નવલકથામાં બબ્બનનો પાડોશી-તેની પત્ની, રશીદા-ચાચા રજ્જૂમિયાં-માલતી અને રજ્જૂમિયાં-છોટી ફૂફી જેવા પાત્રોની ઘટનાને આધારે વાચા આપી છે. જે મહત્વનું ઘણું છે.

૪.૩.૪ માલતીઃ

માલતી અને રશીદા સમાન કોટિનાં પાત્રો છે. દીકરી તરીકે માલતીને લઈ આવેલા રજ્જૂમિયાં તેને ભોગવે છે. માલતી સુંદર છે, છોટી ફૂફીને પણ તુલના કરવા માટે મજબૂર કરે તેવી સુંદર છે. રજ્જૂમિયાં અને માલતી વિષેની ભનક લાગતાં છોટી ફૂફીને ડર લાગ છે. તે પહેલાં પણ તેને માલતીને રજ્જૂમિયાંના રૂમમાંથી ભાગતા જોઈ હતી. રજ્જૂમિયાંને તાબે (Surrender) થતી માલતી ગર્ભવતી બની જાય છે. જેની જાણ છોટી ફૂફી અને બિટ્ટીને પણ થાય છે. આ પ્રસંગ પણ

પુરુષસત્તાક માનસ ધરાવતી બિટ્ટીની પ્રતિક્રિયા દ્વારા જોવા મળે છે. તે માલતીને 'રંડી', 'હરામજાદી' જેવી ગાળો ભાંડીને મારે છે અને માલતી ઘરની બહાર નીકળી જાય છે.

પોતાનું કોઈ પાલન કરનાર (Parent) ન હોવાથી માલતી રજ્જૂમિયાંને સમર્પિત થઈ હતી. તેનું લેખકે આ રીતે વર્ણન કર્યું છેઃ "અચાનક ફૂફી ચૌંક ગઈ- દેખા કી ટ્રંક કે કિનારે એક ઉતરા હુઆ પેટીકોટ ઐસે ગોલ પડા હૈ જૈસે કમર સે નીચે સરકાકર કિસીને અપને પાંવ હટા લિએ હો, રોશની લેકર ફૂફી પાસ તક ચલી ગઈ. બી પેટીકોટ પહનતી નહીં, નિશ્ચય હી વહ ફૂફી કા ભી નહીં થા, કુછ દિનો પહલે જિસ પેટીકોટ કો ઉન્હોને માલતી કો પહનતે હુએ દેખા થા, વહ હૂ-બ-હૂ ઐસા હી થા, યહી સફેદ રંગ, રેશમી ધાગે સે કઢે હુએ, અનસધે હાથોં કે ફૂલ-પાંખ ઔર ક્રોશીએ કે કામવાલા નીચલા બાર્ડર..."(પૃષ્ઠ:૧૩૩) બિટ્ટી માલતીને મારીને કાઢી મૂકે છે પણ રજ્જૂમિયાંને કોઈ કાઢી મૂકવા માટે તૈયાર નથી એ આ સમાજની પીડા રજૂ કરે છે.

૪.૩.૫ જૈબૂન, સોનીની વહુ અને મોહસિનની વહુ :

જૈબૂન બોહરા સંપ્રદાયનાં પરિવારની દીકરી છે. તેના પરિવારમાં પરદાની સખ્તાઈ અને રૂઢિચુસ્ત વાતાવરણ છે. મુસ્લિમ સંપ્રદાયની સ્ત્રીઓની છબી રજૂ કરતી તે પણ એક સ્ત્રી પાત્ર છે. તે સલ્લો આપાની સખી છે. અત્યંત શરમાળ પાત્ર છે. સલ્લો આપાનાં પાત્રને સમજવામાં આ પાત્ર સહાયક બને છે. સોનીની વહુનું પાત્ર નવલકથાની શરૂઆતમાં આવે છે. ઘરડો સોની જેને દીકરી તરીકે મોટી કરે છે, તેની સાથે જ પરણે છે. યુવાનીમાં અન્ય પુરુષ સાથે નજર મિલાવવાની ઈચ્છા ધરાવતી તેને સોની ખૂબ મારે છે. અમાનવીય રીતે તેનાં કપડાં ફાડી નાભીની નીચે હથોડી (સોનીની હથોડી) લઈને મારે છે. માત્ર નવલકથાની શરૂઆતમાં આવતું આ પાત્ર સોની સાથે તેનાં

દાંપત્યજીવન, ગાળો અને ઘરેલુ હિંસા દ્વારા લેખક આપણને બસ્તરનાં જીવન સાથે પરિચય કરાવે છે.

શરૂઆતમાં રખડું અને બાદમાં સ્વતંત્રતા આંદોલન સમયની નિરાશાથી પીડાતો મોહસિન તેની પત્નીનું ધ્યાન નથી રાખતો. તેને પત્ની પ્રત્યે કોઈ લાગણી નથી. ગરીબાઈથી પાછલી જિંદગીમાં પીડાતી છોટી ફૂફી ગર્ભવતી એવી મોહસિનની વહુના દવા-દારૂ નથી કરાઇ શકતી. એમાં છોટી ફૂફી આત્મ ગ્લાનિ (Guilt) અનુભવે છે, પરંતુ મોહસિનને આ પ્રત્યે કોઈ ગ્લાનિ નથી. બસ્તરના મૃતઃપ્રાય અને જડ જીવનમાં સ્ત્રીની સ્થિતિનો ચિતાર આપતું આ પાત્ર છે.

૪.૪ ઉપસંહારઃ

આમ, મુસ્લિમ સમાજનું ચિત્ર ખડું કરતી આ નવલકથામાં આવતાં નારી પાત્રો સામંતી પુરુષો અને સમાજના સકંજામાં જીવી રહેલ વિવિધરંગી નારી પાત્રો છે. જેમાં સલ્લો પણ છે અને રશીદા પણ! જુદા જીવન જીવતી હોવા છતાં બંનેના પરિણામો એક જ પ્રકારના અંતે થાય છે. લેખકે બસ્તરના એકધાર્યા જીવનને ‘કાલા જલ’ના પ્રતીકરૂપે નિરૂપિત કર્યું છે. જે વહેતું નથી, એકધાર્યું, સડી ગયેલું, ગંધાતુ છે. અંત પણ આ વિધાનથી છેઃ “ચાહતા થા કી બહાર નિકલતે હી ખૂબ ખુલકર સાંસ લૂં, લેકિન સારે વાતાવરણ મેં સિવાર-ચીલે ઔર કાલે જલ કી બિસાયંધ ફૈલી થી.” (પૃષ્ઠઃ૩૧૫) લેખક દરેક પ્રસંગની સંવેદનાને પ્રકૃતિના તત્ત્વો દ્વારા ઝીલવામાં સમર્થ રહ્યા છે.

મુસ્લિમ સમાજની સ્ત્રીના જીવનને દર્શાવતી મહત્વની કૃતિઓમાંની એક એવી આ નવલકથા પરિવાર, સમાજ અને ધર્મની અસંગતતાઓ દર્શાવતી ભારતીય નવલકથા બની રહે છે. રાજેન્દ્ર યાદવ ‘કાલે જલ મેં ખોયા એક સ્વપ્નદ્વીપ-શાંગ્રીલા’ માં નવલકથાની ચર્ચામાં કહે છેઃ “વહી સાંસો

કે અધિકાર, ઝગડે, તાને, વહી ઘૂટતી હુઈ બહુએ ઔર છીજતી હુઈ કુમારીયાં, બૈચેન કિશોર ઔર ફાલતૂ બુઢ્ઢે વિકૃત ઔર ચિડ ચિડે-વહી લિહાજ, મુલાહિજે યાની સબ મિલાકાર વહી સામાજિક, પારિવારિક ઔર વ્યક્તિગત 'રેસ્પોંજ' (પ્રતિક્રિયાએ), રવૈએ, ઇસ અર્થ મેં અપને ઈકહરેપન કે બાવજૂદ 'કાલા જલ' શુદ્ધ ભારતીય ઉપન્યાસ હૈ."૬

નાયડૂના પાત્ર દ્વારા પણ બૃહતર રાષ્ટ્રીય આંદોલન અને ત્યાર બાદની નાયડૂ તેમજ મોહસીનની હતાશા (Depression) અને પાકિસ્તાન જવાની ઈચ્છા- એ શાનીના વ્યક્તિગત અનુભવનો ચિતાર છે. નિમ્ન જાતિય સોચને કારણે શાનીને સહન કરવા પડેલા અનુભવોમાંથી આવતી આ ઘટનાઓ પણ ભાવકને એક વધુ નિરાશા તરફ ધકેલે છે. વર્ષોથી ચાલી આવતી રૂઢીઓ, રીતિ-રિવાજો, આચાર-વિચાર, અંધવિશ્વાસ અને તેમાં ઘૂંટાતા આંતરસંબંધો અને પ્રતિક્રિયાઓને આ નવલકથામાં યોગ્ય રીતે વણાયા છે. લેખક (કથક-બબ્બન) 'હું'ના કથન કેન્દ્રનો ઉપયોગ કરતાં-કરતાં સર્વજ્ઞ કથનકેન્દ્રમાં કથન કરવા માંડે છે તે એક મર્યાદા છે.

અનૈતિક સંબંધોની ભરમાર છેઃ રાશીદા-ચાચા, રજ્જૂમિયાં- માલતી, બબ્બનનો પિતા-અન્ય સ્ત્રી, જાહીરા ભાભી-દિયર વગેરે. જ્યારે બિટ્ટી-રજ્જૂમિયાં, રજ્જૂમિયાં-છોટી ફૂફી અને સલ્લો-ચોકલેટી પેન્ટવાળો પુરુષ વગેરે જેવા વિશિષ્ટ સંબંધો પણ છે. મોહસિન અને સલ્લો આપાનાં પાત્રો દ્વારા રૂઢીઓ વિરુદ્ધ વિદ્રોહનો સૂર પ્રગટ થાય છે. કન્યાઓનાં શિક્ષણની આ નવલકથામાં કોઈ વાત નથી. જાનકી પ્રસાદ શર્મા કહે છે કેઃ "લેખકને ઉપન્યાસ મેં ઇન મૂલ્યોં કો 'આઇડિયલાઈઝ' નહીં કિયા હૈ, વરન ઉન્હે અપની નિસ્સારતા ઔર ખોખલેપન કે સાથ અનાવૃત્ત કિયા હૈ."૭ ભરત મહેતા પણ નોંધે છે કેઃ "ઉર્દૂ સિવાયની કોઈ ભારતીય ભાષામાં લઘુમતી સમાજનું આવું સઘન ચિત્ર જવલ્લે જ પ્રાપ્ત થાય છે."૮ આમ, આ નવલકથા ભારતીય નવલકથાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બની રહે છે.

૪.૫ સંદર્ભઃ

૧. ભારતીય નવલકથા, ભરત મહેતા; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨, પૃ.૮૧

૨. ભારત વિભાજન ઔર હિન્દી ઉપન્યાસ, ડૉ. રસીલા ઉમરેટિયા; ફ્લેમિંગો પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨; પૃ.૧૭૫

૩. એજન; પૃ. ૧૬૭-૧૬૮

૪. ભારતીય નવલકથા, ભરત મહેતા; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨, પૃ. ૮૩-૮૪

૫. ભારત વિભાજન ઔર હિન્દી ઉપન્યાસ, ડૉ. રસીલા ઉમરેટિયા; ફ્લેમિંગો પબ્લિકેશન; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨; પૃ.૧૭૬

૬. કાલા જલ, ગુલશેર ખાં 'શાની'; રાજકમલ પ્રકાશન, દિલ્હી; પ્રથમ સંસ્કરણ, ૧૯૮૫

૭. ભારત વિભાજન ઔર હિન્દી ઉપન્યાસ, ડૉ. રસીલા ઉમરેટિયા; ફ્લેમિંગો પબ્લિકેશન; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨; પૃ.૧૭૯

૮. ભારતીય નવલકથા, ભરત મહેતા; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨, પૃ. ૮૫